પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૧૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૬-૦૯-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 12 PRICE :-RS. 1.50 DATE : 06-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## તાલિબાનીઓએ ISIના ચીફને કાબુલ બોલાવ્યા : ભારતને ખતરો થવાની સંભાવના

કાબુલ,

ISI ચીફનું કાબુલમાં આગમન ચોક્કસપણે ભારત માટે મોટો ખતરો છે. કારણ કે તેની પૂર્વ અને પશ્ચિમ સરહદો પર ચીન તરફી દેશોનું શાસન છે. કાશ્મીર અને અંતરિયાળ વિસ્તારમાં આંતરિક મુશ્કેલી ઉભી કરવાનો પ્રયાસ કરી રહેલા તાલિબાન સંબંધિત જૂથોની કાયદેસર ચિંતા ઉપરાંત, ચીન ઈરાન અને રશિયાની મદદથી અફઘાનિસ્તાન અને મધ્ય એશિયામાં વિસ્તરણ કરી રહ્યું છે. સાથે જ તાલિબાને એક દિવસ પહેલા જ કહ્યું છે કે તેને કાશ્મીરી મુસ્લિમો વિશે અવાજ ઉઠાવવાનો અધિકાર છે. ભારતે હંમેશા તાલિબાન તરફથી વાંધો ઉઠાવ્યો છે, તાલિબાને ભારત સામે પણ આવી જ યુક્તિ રમવાનો પ્રયાસ કર્યો છે. જોકે અગાઉ તાલિબાન કાશ્મીરમાં દખલગીરીનો સતત ઈનકાર કરી રહ્યો હતો, પરંતુ હવે જ્યારે તાલિબાન સરકાર બનવા જઈ રહી છે ત્યારે તેણે કાશ્મીર વિશે ઝેરી નિવેદન આપ્યું છે.પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI ચીફની કાબુલની મુલાકાત હવે સ્પષ્ટ થઈ ગઈ છે કે પાકિસ્તાન અફઘાનિસ્તાનની તાલિબની સરકારમાં પોતાનો પ્રવેશ વધારવા



માટે કેટલો પ્રયત્ન કરી રહ્યું છે. અહેવાલો અનુસાર પણ, પાકિસ્તાની સેના હજુ પણ તાલિબાન સાથે પંજશીર પર કબજો કરવામાં લડી રહી છે. તાલિબાનના કબજા બાદ કાબુલ પહોંચ્યા બાદ તાલિબાન નેતૃત્વને મળનાર ISI ચીફ ફૈઝ હમીદ વિશ્વમાં આ પ્રકારનો પ્રથમ પ્રતિનિધિ છે. આ બે બાબતોને ખૂબ સ્પષ્ટ કરે છે. એક તો પાકિસ્તાનની તાલિબાન સરકારમાં તેની દખલગીરીનો ઉશ્કેરાટ અને બીજું હક્કાનીઓને ખુલ્લું સમર્થન. જોકે પાકિસ્તાન દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ફૈઝ હમીદ તાલિબાનના આમંત્રણ પર કાબુલ પહોંચ્યા છે, પરંતુ સત્ય કોઈથી છુપાયેલું નથી. તાલિબાને ચીનને તેનો સૌથી મોટો સાથી ગણાવ્યા પછી પાકિસ્તાન તાલિબાનો સાથે તેની મિત્રતા જાહેર કરવા માટે ઉતાવળું બન્યું છે. જેના ભાગરૂપે સરકારની રચના પહેલાં જ આઈએસઆઈ વડા હામીદ કાબુલ પહોંચી ગયા હતા. તેમણે તાલિબાનના નેતાઓ સાથે આગામી સરકારની રચના માટે ચર્ચા કરી હોવાનું માનવામાં આવે છે. ઉપરાંત ISIના વડા હામીદ પાકિસ્તાન અફઘાનિસ્તાનના સંબંધો, અર્થતંત્ર અને અન્ય બાબતો અંગે પણ તાલિબાનના નેતાઓ સાથે ચર્ચા કરશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. પાકિસ્તાનની જીઓ ન્યૂઝના અહેવાલ મુજબ હામીદ કાબુલમાં પાકિસ્તાનના રાજદૂતને પણ મળ્યા હતા. અફઘાનિસ્તાનની ભૂતપૂર્વ સરકારે વારંવાર પાકિસ્તાન પર તાલિબાનોને સૈન્ય મદદ પૂરી પાડી હોવાનો આક્ષેપ કર્યો હતો. પરંતુ પાકિસ્તાને તેનો ઈનકાર કરી દીધો હતો. જોકે, આઈએસઆઈ વડા હામીદની શનિવારની મુલાકાતે તાલિબાનો અને પાકિસ્તાન વચ્ચેની સાંઠગાંઠ ખુલ્લી પાડી દીધી છે. આપને જણાવી દઈએ કે સૂત્રો અનુસાર, અફઘાનિસ્તાનમાં નવા તાલિબાન શાસનની સંપૂર્ણ રૂપરેખા હોવા છતાં, સરકારના હિસ્સાને લઈને તાલિબાન અને હક્કાનીઓ વચ્ચેના વિવાદને કારણે હવે સરકારની જાહેરાત કરવામાં આવી રહી નથી. તે સ્પષ્ટ છે કે ISI ચીફ ફરાર થઈને કાબુલ ભાગી ગયો છે. હકીકતમાં સૂત્રોના જણાવ્યાં મુજબ પાકિસ્તાન આ તકનો પૂરેપૂરો ફાયદો ઉઠાવવા માંગે છે. તે અફઘાનિસ્તાનની કટ્ટરપંથી સરકારનો ઉપયોગ ભારત વિરુદ્ધ કરવા માંગે છે. તેના માટે તે તાલિબાનને ગમે તે ઓફર પણ કરી શકે છે. જે ભારત માટે ચિંતાની વાત બની શકે છે. નવી અફઘાન સરકારની જાહેરાતને લઈને તાલિબાન વચ્ચે મતભેદો વધુ ઘેરાયા છે. જે બાદ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI લેફ્ટનન્ટ જનરલ ફૈઝ હમીદ આજે કાબુલ પહોંચી ગયા છે. તેમની આ યાત્રા તદ્દન ગુપ્ત રાખવામાં આવી હતી, પરંતુ તે તસવીરો સામે આવ્યા બાદ જાહેર કરવામાં આવી છે. ISI ચીફ ફૈઝ હમીદની એક તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં ફૈઝ હમીદ કેટલાક અધિકારીઓ સાથે ચા પીતો જોવા મળી રહ્યો છે. જોકે, તસવીરમાં કોઈ તાલિબાન અધિકારી દેખાતા નથી. કાબુલ જોનારાઓનું કહેવું છે કે જનરલ ફૈઝ હમીદ તાલિબાન નેતૃત્વને તેમના મતભેદો ઉકેલવામાં મદદ કરશે અને ટૂંક સમયમાં સરકારની જાહેરાત કરશે.

## ૨ ૨ APMCના કર્મચારીઓના પગાર બંધ થાય તેવી હાલત

અમદાવાદ,

રાજ્યની ૨૨૪ એપીએમસીના ૩૦૦૦ કર્મચારીને સરકાર અથવા માર્કેટ બોર્ડ હસ્તક લઈ લેવા રજૂઆત કરી છે. આવી ડામાડોળ પરિસ્થિતિ વચ્ચે સરકાર કર્મચારીઓની સમસ્યાનું નિરાકરણ લાવે તેવી અપીલ સુરત બજાર સમિતિ કર્મચારી મંડળના પ્રમુખે કરી છે.સરકારના જે ત્રણ કૃષિ કાયદાનો દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે તે કાળા કાયદાની આડઅસર ગુજરાતની ૨૨૪ APMCમાં ઓછા-વત્તા અંશે વર્તાઇ રહી હોવાની ચોંકાવનારી હકીકત સામે આવી છે. બદલાયેલા કૃષિ કાયદા બાદ રાજ્યની ૧૫ APMCને તાળાં લાગી ગયા છે. એટલું જ નહીં ટૂંક સમયમાં ૧૧૪ એપીએમસી બંધ થઈ જાય તેવી નોબત ઊભી થઈ છે, ત્યારે આ મામલે દક્ષિણ ગુજરાતના ખેડૂતો ખુલીને સામે આવ્યા છે. નવો કૃષિ કાયદો રદ કરવાની માંગ સાથે ખેડૂતો હજુ પણ દિલ્હી બોર્ડર પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. લાંબા ગાળે ખેડૂતો અને છૅંસ્ઝની ઘોર ખોદનાર આ કાળો કાયદો રદ કરવા દેશભરમાંથી અવાજ ઊઠી રહ્યો છે. આ અંગે માહિતી આપતા એપીએમસી કર્મચારી મંડળના પ્રમુખ અજિતસિહ અટોદરીયાએ જણાવ્યું હતું કે, નવા કાયદાની અમલવારી બાદ ગુજરાતની ૨૨૪ APMC બંધ થઈ જવા પામી છે. જ્યારે વર્ષે દહાડે કરોડોનું ટર્નઓવર ધરાવતી બજાર સમિતિઓની આવકને અસર થઈ છે. નાની બજાર સમિતિની આવક બંધ થતાં તેઓએ માર્કેટને તાળાં મારી દેવાની ફરજ પડી છે. જ્યારે કેટલીક માર્કેટના હોદેદારોએ કર્મચારીઓને છૂટા કરવા પડ્યાં છે. બીજી તરફ કેટલીક બજાર સમિતિએ અડધા કર્મીઓને છૂટા કરી બાકીના કર્મચારીઓના પગાર ઘટાડી પોતાના ફંડમાંથી પગાર ચૂકવવા પડી રહ્યા છે. આવી પરિસ્થિતિ વચ્ચે ગુજરાતની બજાર સમિતિના કર્મચારીઓની આજીવિકાની સલામતી માટે ગાંધીનગરના દરવાજા ખખડાવ્યા છે, ત્રણ કૃષિ કાયદાની અમલવારીના ખૂબ જ ટૂંકા સમયગાળામાં તેની ગંભીર આડઅસરો સામે આવી છે. રાજ્યની ૧૫ APMCમાં ખેતપેદાશનું ખરીદ-વેચાણ બંધ થઈ જતાં તાળાં મારી દેવાની નોબત ઊભી થઈ છે. નવા કૃષિ કાયદાનો શરૂઆતથી જ વિરોધ કરી રહેલા ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખે ભયસ્થાન બતાવવા જણાવ્યું કે, કેન્દ્રના આ કાયદાથી ધનિક વેપારીઓ વધુ ધનિક બનશે. જ્યારે રાત-દિવસ કાળી મજૂરી કરતો જગતનો તાત વધુને વધુ પાયમાલ બનશે. APMC બંધ થવી એ નવા કાયદાની આડઅસરની શરૂઆત છે. ખેડૂતોએ લોહીના આંસુએ રડવું પડે તો દિવસો દૂર નથી. ગુજરાત ખેડૂત સમાજનાનું આવું કહેવું છે.

## ઓછા વરસાદના કારણે બાજરી, કપાસ અને મગફળીનું વાવેતર ઓછું

નવી દિલ્હી,

ચાલુ ખરીફ સીઝનમાં કપાસનુ વાવેતર ૧૧૮.૧૩ લાખ હેક્ટરમાં થયુ છે, જ્યારે ગત ખરીફ સીઝનના સમાન સમયગાળામાં તે ૧૨૬.૪૫ લાખ હેક્ટર હતુ. ચોખાનું વાવેતર અત્યાર સુધીમાં ૪૦૧.૧૫ લાખ હેક્ટરમાં થઈ છે જ્યારે વિતેલ ખરીફ સીઝનના સમાન સમયગાળામાં તે ૪૦૦.૫૪ લાખ હેક્ટરમાં હતુ. કઠોળ પાકોનું વાવેતર ચાલુ ખરીફ સીઝનમાં વધી ૧૩૬.૮૫ લાખ હેક્ટરમાં થયુ છે જ્યારે ગત સીઝનના સમાન સમયગાળામાં તેનું વાવેતર ૧૩૫.૨૬ લાખ હેક્ટરમાં હતુ. જેમાં તુવેરનું વાવેતર ચાલુ સીઝનમાં વધીને ૪૯.૪૯ લાખ હેક્ટરમાં થયુ છે, જ્યારે ગત વર્ષે સમાન સમયગાળામાં તેનુ વાવેતર ૪૭.૪૫ લાખ હેક્ટરમાં હતુ. અડદનુ વાવેતર ૩૭.૯૪ લાખ અને મગનુ ૩૭.૯૪ લાખ હેક્ટરમાં થયુ છે જ્યારે ગત ખરીફ સીઝનના સમાન સમયગાળામાં તેનુ વાવેતર ૩૭.૮૫ અને ૩૪.૯૨ લાખ હેક્ટરમાં હતુ. તેલીબિયાં પાકોનું વાવેતર ચાલુ ખરીફમાં ૧૯૦.૯૪ લાખ હેક્ટરમાં થયુ છે, જ્યારે ગત સીઝનના સમાન સમયગાળામાં ૧૯૪.૧૪ લાખ હેક્ટરમાં થયુ હતુ. સોયાબીનનું વાવેતર ૧૨૧.૫૯ લાખ હેક્ટરમાં અને મગફળીનુ ૪૮.૫૦ લાખ હેક્ટરમાં થયુ છે.ચાલુ ખરીફ વાવેતરની સીઝન લગભગ સમાપ્ત થઈ ગઈ છે પરંતુ ચોમાસાની સીઝનમાં વરસાદ અપેક્ષા કરતા ઘણો ઓછો રહેતા કુલ કૃષિ પાકોનું વાવેતર ઓછુ રહ્યુ છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલય દ્વારા જારી આંકડાઓ મુજબ ૨ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી દેશમાં ખરીફ કૃષિ પાકોનું કુલ વાવેતર ૧.૧૫ ટકા ઘટીને ૧૦૮૧.૧૪ લાખ હેક્ટરમાં થયુ છે જ્યારે ગત ખરીફ સીઝનના સમાન સમયગાળામાં તે ૧૦૯૪.૦૧ લાખ હેક્ટરમાં હતુ. ચાલુ ખરીફ સીઝનમાં ડાંગર, કઠોળ, શેરડી, મકાઈ અને સોયાબીનનું વાવેતર વધ્યુ છે, પરંતુ તેલીબિયાં તેમજ જાડા ધાન્યો અને કપાસનું વાવેતર ઘટયુ છે. દેશમાં ૧ જૂનથી ૩ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી વરસાદ સરેરાશની તુલનામાં ૯ ટકા ઓછો પડવાના કારણે ખરીફ પાકોનું વાવેતર ઘટયુ છે.

## ખેડૂતો સામે કોઈપણ સત્તાનો અહંકાર ચાલતો નથી : પ્રિયંકા ગાંધી

ઉત્તર પ્રદેશ,

કિસાન મોરચાએ જાહેરાત કરી છે કે હવે ભારત ૨૫ મી નહીં પણ ૨૭ મી સપ્ટેમ્બરે બંધ રહેશે. આ દરમિયાન બધું બંધ રહેશે. હવે યુપી સંયુક્ત કિસાન મોરચાની રચના કરવામાં આવશે. અગાઉ ૨૫ મીએ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું.મહાપંચાયતના મંચ પરથી સરકાર વિરોધી નારા લગાવવામાં આવ્યા છે. આ દરમિયાન ખેડૂત નેતાઓએ જણાવ્યું હતું કે, આગામી યુપી અને ઉત્તરાખંડ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવી પડશે. રાકેશ ટીકૈત, યોગેન્દ્ર યાદવ સહિત ઘણા મોટા ખેડૂત નેતાઓ મંચ પર હાજર છે.ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લાના જીઆઈસી મેદાનમાં આજે કિસાન મહાપંચાયત ચાલી રહી છે. દેશભરમાંથી સેંકડો



ખેડૂતો તેમાં ભાગ લેવા પહોંચ્યા છે. મહિલાઓ પણ મોટા પ્રમાણમાં પોતાની હાજરી નોંધાવી રહી છે. મહાપંચાયતને ધ્યાનમાં રાખીને સુરક્ષાને ધ્યાનમાં રાખીને દરેક જગ્યાએ પોલીસ દળો તૈનાત છે. સંયુકત કિસાન મોરચાના બેનર હેઠળ ખેડૂતો કૃષિ કાયદા સામે અવાજ ઉઠાવવા માટે અહીં ભેગા થયા છે. માનવામાં આવે છે કે આગામી વર્ષે મહાપંચાયતમાં યુપી અને ઉત્તરાખંડમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવાની રણનીતિ બનાવી શકાય છે. આ મહાપંચાયતમાં દેશભરમાંથી ૩૦૦ થી વધુ સક્રિય સંસ્થાઓએ ભાગ લીધો છે. મ્ર્દ્રે ના નેતા રાકેશ ટીકૈત મહાપંચાયતના મંચ પર હાજર છે. તે થોડા સમયમાં મહાપંચાયતને સંબોધશે. આ સિવાય ઘણા મોટા ખેડૂત નેતાઓ પણ મંચ પર બેઠા છે.પ્રિયંકા ગાંધીએ પણ ટ્વિટ કરીને ખેડૂતોની આ લડાઈમાં સમર્થન આપ્યું છે અને કહ્યું કે સત્તા અહંકારી છે,ખેડૂતોના આહવાન સામે કોઈ સત્તાનો અહંકાર ચાલતો નથી. નેતા રાકેશ ટિકૈતે કહ્યું, 'જ્યારે ભારત સરકાર અમને મંત્રણા માટે આમંત્રણ આપશે ત્યારે અમે જઈશું. જ્યાં સુધી સરકાર અમારી માંગણીઓ પૂરી નહીં કરે ત્યાં સુધી ખેડૂતોનું આંદોલન ચાલુ રહેશે. આઝાદીની લડત ૯૦ વર્ષ સુધી ચાલી, તેથી મને ખબર નથી કે આ આંદોલન કેટલો સમય ચાલશે.

## કોને OBCમાં સમાવવા તે રાજ્ય નક્કી કરશે નહીં કે કેન્દ્ર કે કોઈ પાર્ટીના નેતા : નીતિન પટેલ

ગાંધીનગર,

ગુજરાત સરકારની મા અને મા વાત્સલ્ય યોજના કાર્ડ યોજના ૧૦માં વર્ષમાં પ્રવેશી છે. આ પ્રસંગે અહીની સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય વિભાગના કાર્યક્રમને સંબોધતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યુ કે, નવી PMJAY-મા યોજના હેઠળ ૨૭૦૦થી વધુ બિમારીઓ આવરી લઈને વિનામૂલ્યે સારવારની વ્યવસ્થા કરી છે. જેના માટે રાજ્યમાં ૩૦૦૦ સરકારી અને ખાનગી હોસ્પિટલોનો સમાવેશ કર્યો છે. રાજ્યમાં કોઈ પણ નાગરિકનું પૈસા કે સારવારના અભાવે મૃત્યુ ન થાય એ જ સરકારનો નિર્ધાર છે. યોજના હઠેળ ૩૫ લાખથી વધુ પરીવારોને રૂ.૫૨૦૦ કરોડની વિના મૂલ્યે સારવાર પૂરી પાડવામાં આવી છે.ગુજરાતના પાટીદારોને OBCમાં ન સમાવવા જોઈએ તેવુ કેન્દ્રીય કેબિનેટ મંત્રી રામદાસ આઠવલેનું નિવદેન યોગ્ય નથી. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યુ કે, કોઈ પણ જ્ઞાતિ કે સમુહનો સર્વે કરીને OBCમાં સમાવવાનો અધિકાર રાજ્યોને મળ્યો છે. કેન્દ્રના



કે પછી કોઈ પણ પાર્ટીના નેતા આ પ્રકારનું નિવદેન કરે તે યોગ્ય નથી. OBCમાં કોને સમાવવા તે રાજ્યોના ક્ષેત્રાધિકારની બાબત છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય વિભાગના કાર્યક્રમ બાદ નીતિન પટેલે મીડિયા સમક્ષ ઉપરોક્ત પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યુ કે, મારી સમજણ અને જાણકારી મુજબ ભારત સરકારે કાયદામાં સુધારો કર્યો છે તે મુજબ એક આખી પ્રક્રિયા છે. આ કાયદામાં સુધારાને આધારે નિયમો નક્કી થશે. OBCનો લાભ માટે પણ વ્યાપક સ્તરે થતી લાંબી પ્રક્રિયા છે. જેમણે લાભ લેવો હોય તેમની માંગણીના આધારે સર્વે થાય અને તેમાંય યોગ્ય લાગે તો જ લાભ મળી શકે છે.

## UGC નેટ ૨૦૨૧ની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરાયો

મુંબઈ ,

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા લેવામાં આવતી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (યુજીસી નેટ) ૨૦૨૧ની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરાયો છે. નવા ટાઈમટેબલ અનુસાર આ પરીક્ષા હવે છઠ્ઠીથી આઠમી ઑક્ટોબર અને ૧૭ થી ૧૯ ઑક્ટોબર દરમ્યાન બે તબક્કે લેવાશે. આ પહેલાં આ પરીક્ષા છઠ્ઠીથી ૧૧ ઑક્ટોબર દરમ્યાન લેવામાં આવવાની હતી. પરંતુ આ જ સમયગાળામાં અન્ય પ્રમુખ પરીક્ષાઓ પણ લેવામાં આવવાની છે અને વિદ્યાર્થીઓની મોટી સંખ્યાને ધ્યાનમાં લેતાં આ પરીક્ષા હવે નવા ટાઈમટેબલ અનુસાર લેવાશે. નવા ટાઈમટેબલની નોટીસ યુજીસીની અધિકૃત વેબસાઈટ પર મૂકવામાં આવી છે.



ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં પૂર્વ અમદાવાદને પશ્ચિમ અમદાવાદ સાથે જોડતા સાબરમતી નદી પર મેટ્રો માટે ૩૦૦ મીટર લાંબો બ્રિજ તૈયાર કરાઈ રહ્યો છે જે કુલ ૮ પિલર પર છે જે શાહપુર પાસે ટનલમાંથી મેટ્રો બહાર નિકળી એલિવેટેડ કોરિડોર પર થઈ નદી પર તૈયાર થઈ રહેલા બ્રિજ પર થી થલતેજ સુધી જશે.

## તાલિબાનને ચીન આર્થિક મદદ કરશે તેનાથી ભારતની ચિંતા વધી

અફઘાનિસ્તાન,

અમેરિકા સહિતના દેશોએ અફઘાનિસ્તાનને હાલમાં આર્થિક મદદ આપવાનું બંધ કરી દીધુ છે. જેથી આવા સમયે તાલિબાનને માત્ર ચીન મદદ કરી શકે છે. જબીઉલ્લાહે કહ્યું કે ચીન તેનો સૌથી મહત્વનો ભાગીદાર છે તે અફઘાનિસ્તામાં રોકાણ કરીને દેશનું પુનનિર્માણ પણ કરી શકે છે. જોકે એક્સપર્ટોનું કહેવું છે કે ચીનની ભાગીદારી દેશની રાજનૈતિક સ્થિરતા પર આધાર રાખશે. કારણે ચીન મોટા પ્રમાણમાં મદદ નથી કરતું તે શરતો રાખીને સહાયતા આપતું હોય છે. ચીન માનવીય સહાયતા આપી શકશે. પરંતુ નવી સરકારને તે આર્થિક સંકટથી નહી બચાવી શકે. નાનું સરખુ રોકાણ ચીન કરી શકે પરંતું મોટા રોકાણ માટે દેશની સ્થિરતા તેમજ દેશની સુરક્ષા ઘણી મહત્વની રહેશે. ઉલ્લેખનીય છે કે તાલિબાનને હાલ દેશ ચલાવા માટે રૂપિયાની જરૂર છે. પરંતુ અફઘાનિસ્તાનના ૧૦ હજાર ડૉલર તે સરળતાથી નહી લઈ શકે. કારણકે તે રૂપિયા અફઘાનિસ્તાનની બહાર છે.ચીનની મદદ લઈને તાલિબાન અફઘાનિસ્તાનનું આર્થિક સંકટ દૂર કરશે. આ વાત તાલિબાનના પ્રવક્તા જબીઉલ્લા મુજાહિદે કહી છે. મીડિયા સાથે વાતચીત કરતા તેણે કહ્યું કે અફઘાનિસ્તાનમાંથી અમેરિકાની સેના ગયા બાદ તેમણે કબ્જો તો મેળવી લીધો પરંતુ તાલિબાન હવે ચીન પર નિર્ભર રહેશે તે વાતનો તેણે સ્પષ્ટ પણે ઉલ્લેખ કર્યો છે. વધુમાં તેણે એવું પણ કહ્યું કે તાલિબન ચીનની મદદ લઈને અફઘાનિસ્તાનનું આર્થિક સંકટ ઓછું કરશે. આપને જણાવી દઈએ કે તાલિબાને ૧૫ ઓગસ્ટે કાબુલ પર કબ્જો મેળવ્યો હતો. ત્યારબાદથી દેશની આર્થિક સ્થિતી ઘણી ખરાબ છે.

## ઉત્પાદન પર પડેલી અસરને કારણે વાહનોની ડિલિવરી પણ ઢીલમાં પડી

મુંબઈ ,

ચીપ મેળવવા માટે ઉત્પાદકો સંઘર્ષ કરી રહ્યા છે. ઉત્પાદન પર પડેલી અસરને કારણે વાહનોની ડિલિવરી પણ ઢીલમાં પડી રહી છે. વર્તમાન વર્ષના સપ્ટેમ્બરમાં ઊતારૂ વાહનોનો ઉત્પાદન આંક ૧.૭૫ લાખથી ૨.૧૦ લાખની વચ્ચે રહેવા વકી હોવાનું સિઅમના સુત્રોએ જણાવ્યું હતું. ૨૦૨૦ના કોરોનાના કાળને બાદ કરતા આ ઉત્પાદન આંક છેલ્લા એક દાયકાનો સૌથી નીચો હશે. છેલ્લા ચાર વર્ષમાં વાહન ઉત્પાદકોએ દર વર્ષે સપ્ટેમ્બરમાં ૨.૮૦ લાખથી ૩.૪૦ લાખ જેટલા ઊતારૂ વાહનોનું ઉત્પાદન કર્યું છે. હાલમાં વ્યાજ દર નીચા છે ત્યારે વાહનોની માગમાં વધારો થવાની તક રહેલી છે, પરંતુ ચીપની અછતને કારણે તેનો લાભ કાર ઉત્પાદકોને ખાસ જોવા નહીં મળે એમ પણ સુત્રોએ ઉમેર્યું હતું. ચીપની અછતને કારણે વાહનોના ઉત્પાદનમાં કાપ મૂકવાની કાર ઉત્પાદક કંપનીઓ દ્વારા આ અગાઉ જ જાહેરાત કરી દેવાઈ છે.ચીપની અછતને પરિણામે વર્તમાન મહિનામાં દેશમાં ઊતારૂ વાહનોનું ઉત્પાદન ૧ લાખથી ૧.૧૫ લાખ વાહન ઓછું થવાની ધારણાં છે. ઉત્પાદનમાં આ ઘટને કારણે ઓટો ઉદ્યોગની આવકમાં વર્તમાન મહિને એક અબજ ડોલરથી વધુનો ફટકો પડી શકે છે એમ સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેકચરર્સ (સિઅમ)ના સુત્રોએ જણાવ્યું હતું. સામાન્ય રીતે સપ્ટેમ્બર તથા ઓકટોબર મહિનામાં ભારતમાં ગણપતિ તથા દશેરા-દિવાળી જેવા તહેવારો આવતા હોય છે અને માટે આ સમયગાળામાં વાહનોની માગ પણ ઊંચી રહે છે. ઊતારૂ વાહનોના ઉત્પાદકોની સપ્ટેમ્બર આવકમાં એક અબજ ડોલરની ખોટ એટલે સંપૂર્ણ વર્ષની સૂચિત આવકમાં ૪થી ૫ ટકાનો ઘટાડો જોવા મળશે.

## સિનિયર સિટીઝને ITની સાઈટ પર ડેકલેરેશન ફરવું જરૂરી

અમદાવાદ,

સિનિયર સિટીઝનને અપાયેલી મુક્તિ મર્યાદાનો દુરુપયોગ થતાની અનેક ફરિયાદો પછી ઈન્કમ ટેક્સ દ્વારા નિર્ણય લેવાયો કે કોઈ સિનિયર સિટીઝનની આવક ૧ લાખ સુધી થાય ત્યાં સુધી તેમને ઈક્મટેક્સમાંથી કરમુક્તિ મળે છે. એટલે કે જો કોઈ સિનિયર સિટીઝનની આવક કરમુક્તિથી આવક કરતા ઓછી હોય તેવા સિનિયર સિટીઝને રિટર્ન ફાઈલ કરવાની જવાબદારી રહેતી નથી. આમ આવા કરદાતાને ઈક્મેટક્સના ટેકસ સ્લેબમાં છૂટછાટ આપવામાં આવી હતી. આવા કરદાતાઓને થતી વ્યાજની આવક ઉપર કોઈ પણ પ્રકારનો ટીડીએસ ના કપાય તે માટે ઈક્મટેક્સનું ૧૫ જી નામનું ફોર્મ બેક્ર અથવા વ્યાજ આપનારને આપવાની જોગવાઈ હતી. આનાથી સિનિયર સિટીઝનને કરમુક્તિ મેળવીને રિટર્ન ફાઈલ કરવામાંથી મુક્તિ મળે છે. પરંતુ આનો ઘણા લોકો ગેરલાભ ઉઠાવતા હોય અને ઘણા સિનિયર સિટીઝનની આવક કરમુક્તિ કરતા વધારે હોય તેઓ ૧૫જી નામનું ફોર્મ બેક્રમાં ભરીને ટીડીએસમાંથી મુક્તિ મેળવતા હતા. જેને લઈને સિનિયર સિટીઝનને આપેલી મુક્તિને ગેરલાભ લેવાતો હતો. આવી પ્રવૃતિ ઉપર કન્ટ્રોલ કરવા માટે સીબીડીટીએ પરિપત્ર કરીને કરદાતાને ઈક્મટેક્સની વેબસાઈટ ઉપર ડેકલેરેશન ફાઈલ કરવું પડશે. જેમાં સિનીયરસિટીઝન ઈક્મટેક્સમાંથી કરમુક્તિ મેળવવા માંગે છે અનેતેમની આવક કરમુક્તિ મર્યાદાથી ઓછી છે. ઈક્મટેક્સે પરિપત્ર કરી જે સિનિયર સિટીઝનની આવક ટેક્સેબલથી ઓછી હોય અને રિટર્ન ભરવામાંથી મુક્તિ ઈચ્છતા હોય તો તેમણે ડેકલેરેશન ફોર્મ ફાઈલ કરવુંપડશે. કર મુક્તિ મર્યાદાના દુરૂપયોગની ફરિયાદો પછી આ સુધારો થયો છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જે. કે. પરમાર

મુ. દુણીયા, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સી. કે. ચૌહાણ

હાલોલ જી. પંચમહાલ

# દાહોદ જીલ્લામાં શિક્ષણ સહાયતાના નામે ૧૦૦ રૂા.નો મનીઓર્ડર મંગાવી છેતરપિંડી

દાહોદ,
દાહોદ જિલ્લામાં શિક્ષણ સહાયતાના નામે રૂપિયા પડાવવાનો કૌભાંડ પકડી પાડવામાં આવ્યું છે. અંદાજે દાહોદ જિલ્લાના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ સાથે સરકારી સહાયના નામે છેતરપિંડી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ૫૦૦૦ થી ૧૦,૦૦૦ હજાર રૂપિયાની સહાય આપવા માટેનો મેસેજ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના નામે ફરતો હતો. મેસેજ પ્રમાણે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ સંસ્થાએ ૧૦૦ રૂપિયાનો મની ઓર્ડર મંગાવ્યો હતો અને આ વિદ્યાર્થીઓ મની ઓર્ડર કરી પોતાના આધારકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ લઈને પોસ્ટ ઓફિસ પહોંચ્યા હતા જો કે, પોસ્ટ ઓફિસ પર ગયા બાદ વિદ્યાર્થીઓને છેતરાયા હોવાનો અનુભવ થઈ ગયો હતો.

દાહોદ જિલ્લામાં ધોરણ ૧ થી ૧૨ના અને કોલેજ તેમજ અન્ય કોર્સ માટે વિદ્યાર્થીઓને ૫ થી ૧૦ હજાર સુધીની સહાય વિદ્યાર્થી એજ્યુકેશન સહાય ચેરીટેબલ ટ્રસ્ટ નડિયાદ દ્વારા કરવામાં આવતો હોવાનું જાણવા મળી રહ્યું છે. આવા ફોર્મ દાહોદ જિલ્લામાં ફરતા થયા હતાં જેમાં આ સહાય લેવા માટે રૂ.૧૦૦ની રજિસ્ટર એડી કરવાનું કહેવામાં આવ્યું છે ત્યારે જિલ્લાના સેંકડો લોકોએ આ સહાય મેળવવા માટે રૂ.૧૦૦ મોકલ્યા છે જેને માટે પોસ્ટ ઓફિસોમાં પણ ભારે ભીડ જોવા મળી હતી જો કે, તપાસ કરતાં ફોર્મ પર આપવામાં આવેલો નંબર બંધ હોવાનું જણાતાં લોકોમાં શંકા ઘર કરી રહી છે. નોંધનીય છે કે, અત્યાર સુધી આવા ૧૫૦૦થી વધુ લોકોએ ફોર્મ ભરી કવરમાં ૧૦૦ રૂપિયા મુકીને સ્પીડપોસ્ટ કે રજિસ્ટએડી કર્યાં છે. સરકારની આવી કોઈ યોજના નથી તો આ ટ્રસ્ટ દ્વારા ફોર્મ સાથે ૧૦૦ રૂપિયા અને ડોક્યુમેન્ટ લેવાઈ રહ્યાં છે તે લાલચ કે અયોગ્ય તો નથી તે અંગેની તપાસ અનિવાર્ય બની છે. દાહોદ જિલ્લામાં એજ્યુકેશન સહાય મેળવવા માટેનું ફોર્મ ભરવા માટે પોસ્ટ ઓફિસ ખાતે વિદ્યાર્થીઓ અને વાલીઓનો ઠેર ઠેર ઘસારો જોવા મળ્યો હતો જ્યારે કોઈ પણ જાતની સરકારની જાહેરાત વિના ફોર્મ પણ બજારમાં વેચવા લાગ્યા છે. સરકાર દ્વારા ૫૫૦થી ૮૦૦ રૂપિયા સુધીની ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં આવે છે. ત્યારે નડિયાદની આ વિદ્યાર્થી એજ્યુકેશન સહાય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૫ હજારથી માંડીને ૧૦ હજાર સુધીની સહાય મેળવવા માટેનું ફોર્મ બહાર પાડવામાં આવ્યું છે જેમાં લાઇટ બિલ, રેશનકાર્ડ, આધારકાર્ડ, બેંક પાસબુકની નકલ, માર્કશીટ અને બે વોટ્સએપ નંબર સાથેનું ફોર્મ પોસ્ટ ઓફિસ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. આ ફોર્મ ભરીને તેના ડોક્યુમેન્ટ સાથે લોકો કવરમાં ૧૦૦ રૂપિયા પણ મુકી રહ્યા છે.

દાહોદ જિલ્લામાં આવેલ સંજેલી પોસ્ટ ઓફિસના સત્તાધીશો પાસેથી જાણવા મળ્યા અનુસાર, સંજેલી પોસ્ટ ઓફિસ ખાતે પાછલા ૧૫ દરમિયાન વિદ્યાર્થી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ નડિયાદના નામે આશરે ૭૦૦ જેટલા રજીસ્ટ્રેશન થયેલ છે.

આ સમગ્ર મામલે દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીના જણાવ્યા અનુસાર, ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને કોઈ સંસ્થા મારફતે શિષ્યવૃત્તિ આપવા માટે પ્રલોભન આપવામાં આવી રહ્યા છે. અમારે ત્યાં સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો જેમાં એસ.ટી, એસ.સી, ઓબીસી એટલે કે, બક્ષીપંચ વિદ્યાર્થીઓની દરખાસ્ત જે શાળામાંથી જે તે ડિપાર્ટમેન્ટમાંથી થાય છે. આવી કોઈ થર્ડ પાર્ટી કે, કોઈપણ એનજીઓને પોતે એલાવ કરતા નથી. દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા દાહોદ જિલ્લાના નાગરિકોને તેમજ વિદ્યાર્થીઓને વિનંતી કરવામાં આવી છે કે, આવી કોઈપણ ખોટી પ્રલોભન, આવેશની લાગણીમાં આવીને અરજી ના કરે અને પૈસા ન વેડફે ચોક્કસ ખરાઈ કરે અને પછી આગળની કાર્યવાહી કરે. આવી કોઈ જોગવાઈ પોતાના સરકારી તંત્રમાં નથી તેમ દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ જીલ્લાના વિદ્યાર્થીઓની સાથે સાથે અન્ય કેટલાય વિદ્યાર્થીઓ આ છેતરપીંડીનો ભોગ બન્યા હશે તે તો સંલગ્ન અધિકારીઓની તપાસ માટે બહાર આવે તેમ છે પરંતુ આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લામાં આવા પ્રલોભનો આપી શિક્ષણ સાથે તેમજ વિદ્યાર્થીઓ સાથે ચેડા કરતા તત્વો સામે સખતમાં સખત કાર્યવાહી કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

## દાહોદમાં શિક્ષક દિન નિમિત્તે સાંસદની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લાના ૧૪ શ્રેષ્ઠ શિક્ષકોનું પારિતોષિક-પ્રશસ્તિપત્ર આપી બહુમાન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
બાળકોના સર્વાંગી વિકાસમાં તેમના શિક્ષકોના અમૂલ્ય યોગદાનની પ્રશંસા કરતા રાજ્યમંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું કે, શિક્ષણ અને શિક્ષકોની બાબત રાજ્ય સરકાર માટે હંમેશા અગ્રતાના ક્રમે રહી છે. રાજયની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહેવાની સાથે તેમનામાં ચારિત્ર્ય નિર્માણ થાય એ માટે રાજ્ય સરકાર દ્વારા તમામ ખૂટતી કડીઓ પૂરવામાં આવી છે.

દાહોદ જિલ્લાના ૧૪ શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનવાના કાર્યક્રમમાં પ્રારંભે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનનું સ્મરણ કર્યા બાદ ખાબડે ઉક્ત બાબતમાં ઉમેર્યું કે, શિક્ષક માતૃહૃદયથી બાળકને શિક્ષણ આપે છે. ક્ષણે-ક્ષણે શિક્ષણ આપે તે શિક્ષક છે. બાળકોના જીવનને જ્ઞાનથી શણગારવાનું કામ એક શિક્ષક જ કરી શકે છે.

ગ્રામ વિકાસ રાજ્યમંત્રીએ એમ પણ ઉમેર્યું કે, બાળક જ્યારે શાળામાં આવે ત્યારે તેમના જીવનપથમાં જ્ઞાનનો પ્રકાશ પાથરવાના યજ્ઞનો પ્રારંભ થાય છે. શિક્ષક માત્ર બાળકને જ્ઞાન જ નહીં, તેમના ચારિત્ર્યના નિર્માણનો પાયો પણ શિક્ષક દ્વારા નાખવામાં આવતો હોય છે. શિક્ષણ કર્મ કંઈ નાનુસુનુ નથી. શિક્ષકનું સ્થાન પણ આપણા સમાજમાં સૌથી ઊંચુ છે અને શિક્ષકની પાસે તમામ પદ નાના છે. બાળક શિક્ષકમાં વિશ્વાસ મૂકે અને શિક્ષક તે બાળકમાં આત્મવિશ્વાસ ભરવાનું કાર્ય કરે છે.

બચુભાઇ ખાબડે એમ પણ જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ વિભાગમાં ખૂટતી તમામ કડીઓ પૂર્ણ કરવામાં આવી છે. દાહોદ જેવા છેવાડાના જિલ્લામાં આંગણવાડીથી માંડીને ઇજનેરી, તબીબી કોલેજ સુધી અભ્યાસ કરવાની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નવા ઓરડાઓનું નિર્માણ, સ્માર્ટ ક્લાસીસ, નવા શિક્ષકોની ભરતી કરી શિક્ષણ માટેની તમામ ભૌતિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. શિક્ષકોની માંગણીઓને પણ રાજ્ય સરકારએ ઉદ્દાતભાવે સ્વીકારી છે. હવે નવા ભારતના નિર્માણનું મહાકાર્ય શિક્ષકોના હાથમાં છે, એમ ખાબડે અંતે ઉમેર્યું હતું.

સાંસદ જસવંતસિંહ ભાભોરે આ અવસરે જણાવ્યું કે, બાળકોના સર્વાંગી વિકાસમાં સામુહિક પ્રયાસો અનિવાર્ય છે. કોઇ એકલી રાજ્ય સરકારથી આ કાર્ય થઇ શકે નહીં. સરકારો શિક્ષકોની ભરતી કરી દે, શાળાઓમાં ભૌતિક સુવિધાઓ આપે પણ શિક્ષક જ બાળકોને જ્ઞાન આપી શકે છે. એથી શિક્ષકનું મહાત્મ્ય ઓછું આંકી શકાય નહીં. ભવ્ય અને દિવ્ય ભારતના નિર્માણમાં શિક્ષકોની ભૂમિકા અનન્ય છે. ભાભોરે એમ પણ કહ્યું કે, પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી, વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી શિક્ષણને ખૂબ જ મહત્વ આપી છે. શિક્ષણ પ્રણાલીમાં ગુણાત્મક પરિવર્તન આવે તે માટે અનેક નિર્ણયો લેવામાં આવ્યા છે. તેના કારણે ગુજરાત શિક્ષણ ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ અંગ્રેજી કહેવતને ટાંકતા જણાવ્યુંકે, સારા શિક્ષક અભ્યાસ કરાવે છે, તેના શિક્ષક અભ્યાસને વર્ણવે અને શ્રેષ્ઠ શિક્ષક બાળકને પ્રેરણા આપે છે. દાહોદ જેવા મહત્વાકાંક્ષી જિલ્લામાં બાળકોના શિક્ષણનું મહત્વ વધુ છે. શિક્ષક થકી જ સમાજનો વિકાસ થઇ શકશે, એથી શિક્ષકોનું સમાજમાં યોગદાન મહત્વનું છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા તથા જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. તમામ મહાનુભાવોએ એક સૂરે શિક્ષણકર્મને બિરદાવ્યું છે.

આ વેળાએ હિતેશ પટેલ, રવીન્દ્ર પ્રજાપતિ, ચંદુભાઇ ભાભોર, નિલમ જાદવ, નરેશ મકવાણા, વિષ્ણુ જોશી, અજય પાટડિયા, શંકર કટારા, કિશોર રાઠોડ, ભદ્રેશ સથવારા, રાજેશ બારિયા, જયપ્રકાશ પટેલ, નરસિંહ પ્રજાપતિ અને ભરત પટેલનું પારિતોષિક, પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે, સરકારી શાળાઓના તેજસ્વી છાત્રોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષણ વિભાગમાં ઉભી કરાયેલી સુવિધા સંદર્ભની દસ્તાવેજી ચલચિત્રનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આભારવિધિ જિલ્લા શિક્ષણાધિકારી કાજલ દવેએ કરી હતી.

કાર્યક્રમમાં ધારાસભ્ય શૈલેષભાઇ ભાભોર, નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સરતાનભાઇ ચૌહાણ, શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફુલભાઇ ડામોર, સદસ્યા સુધીરભાઇ લાલપુરવાળા, અગ્રણી નરેન્દ્રભાઇ સોની, કનૈયાલાલ કિશોરી, ગોપાલભાઇ ધાનકા, ડાયેટ પ્રાચાર્ય એસ. વી. રાજશાખા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મયુર પારેખ, શિક્ષક સંઘના સુરતાનભાઇ કટારા, બળવંતભાઇ ડાંગર, હસમુખભાઇ પંચાલ, નિતેશભાઇ પટેલ સહિત ગુરૂગણ ઉપસ્થિત હતા.

## ગુજરાત શિક્ષણ પરિષદ દ્વારા શિષ્યવૃતિ માટે આવક મર્યાદા ૧૦ લાખ કરવા આવેદન



દાહોદ,
ગુજરાત શિક્ષણ પરિષદના નેજા હેઠળ દાહોદ પ્રાન્ત અધિકારી મારફતે માનનિય મુખ્યમંત્રીને એક આવેદનપત્ર આપવામાં આવ્યું. જેમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આવક મર્યાદા રૂ ૨૫૦૦૦૦ છે. તેને વધારીને ૧૦ લાખ કરવામાં આવે તેમજ ફ્રી શીપ કાર્ડ યોજનાનો લાભ ધોરણ ૧૧ માં સ્વનિર્ભર શાળાઓમાં પ્રવેશ લેનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓનેને આપવામાં આવે તે અંગે આવેદનપત્ર ગુજરાત શિક્ષણ પરિષદ જી.દાહોદની ટીમ આપવામાં આવ્યું.

## દે.બારીયા સરકારી હોસ્પિટલમાં ગેરકાનૂની રીતે મા વાત્સલ્ય કાર્ડ બનાવનારને કોને વર્ક કરવાનો પરવાનો આપી દીધો

દે.બારીયા,
દે.બારીયા સરકારી હોસ્પિટલમાં હાલમાં જુના કોમ્પ્યુટરનો કોન્ટ્રાકટર પુરો થતા એક નવો કોમ્પ્યુટર ઓપરેટરમાં કાર્ડ ઓનલાઈન અપડેટ કરે છે. જેની ફી સીધી ૭૦ રૂપીયાછે. આ નવા કાર્ડ અપડેટ કરનારને કોને બેસાડાયો છે. આ નવી એજન્સીનું નામ શું છે ? તે કોઇ જણાવતું નથી શું ? સરકારી કાર્ય એ પણ મા કાર્ડ બનાવાનું કાર્ય કરવાની ટેન્ડરની પ્રક્રિયા કર્યા વગર થઈ શકે છે ? તે યક્ષ પ્રશ્ન છે.

મળતી માહિતી અનુસાર દે.બારીયા સરકારી હોસ્પિટલનો જુના વોર્ડના સેન્ટર ખંડમાં મા કાર્ડ બનાવવાનો નવી વ્યકિત એ શરૂ કરી દીધું છે. આ અંગે અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધીએ જાણકારી મેળવવાની કોશીષ કરી તો બ્લોક ઓફિસના ઈન્ચાર્જ અધિકારીએ જણાવ્યું. આ કાર્ય અમારી ઓફિસના તાબે થયો નથી. તમે સુપ્રિટેન્ડટને આના વિશે પૂછો જયારે સરકારી હોસ્પિટલની ઓફિસે આ અંગે પૂછતા જ કરી તો સિનીયર કલાર્ક કે જણાવ્યું આ કાર્ય અમે નથી જાણતા શું સરકારી મા કાર્ડ બનાવવા માટે ભળતો બેસી જાય અને રૂપીયા છાપવા માંડે તે કેટલી ગંભીર બાબત છે શું ? ઓફિસના માણસો મળતીયાને કાર્ય આપી જનતાને લુંટવાનો ધંધો શરૂ શરૂ કરી દીધો છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. છેલ્લા પંદર દિવસ થી જે કાર્ડ અપડેટ કર્યા છે. તે કાર્ડની શકલમાં ગરીબ લાભાર્થીઓને આપ્યા નથી. આનું વહેલામાં વહેલી તકે જીલ્લા આરોગ્યપદના આધિકારી સ્થળની મુલાકાત લઈ જ લુંટવાનો ધંધો શરૂ કર્યો છે. તેની કોઈપણ ઓફીસીયલી ટેન્ડરની પ્રક્રિયા કર્યા વગર તે રૂપીયા છાપવાનો ધંધો કરતા તત્વોને તપાસ કરી કાયદેસરની પ્રક્રિયા કર્યા બાદ વર્ક ઓર્ડર લેખિતમાં આપીને પછી જ આ મા કાર્ડ બનાવનારને હુકમ આપવા અને જે હાલમાં જે કાર્ડ ઓનલાઈન બનાવે છે. તેના સામે કાયદેસરના પગલાં ભરવા અને જે તે સરકારી વ્યકિત આ કૌભાંડમાં સામેલ છે. તેના સામે દંડનાત્મક પગલા ક્યારે ભરવામાં આવશે. તે તો આવનારો સમય જ બતાવશે.

## દાહોદના સાઈ સ્પોર્ટ એકેડમી દ્વારા મેજર ધ્યાનચંદની જન્મદિન જન્મ જયંતીના ઉપલક્ષ્યમાં હોકી ટુર્નામેન્ટનું આયોજન



દાહોદ,
દાહોદ સીટી ગ્રાઉન્ડ ખાતે મેજર ધ્યાનચંદની જન્મ જયંતીના ઉપલક્ષ્યમાં Hockey Tournamentનું આયોજન કરાયું દાહોદના અલગ-અલગ સ્કૂલોમાંથી આઠ જેટલી ટીમોએ આ ટુર્નામિન્ટમાં ભાગ લીધો ટુર્નામિન્ટને સિનીયર પ્લેયર માર્સલભાઈ પીટરભાઈ, રાજુભાઈ, રાહુલજી, વસંત સર, રવિભાઈ બગતની અધ્યક્ષતામાં શરૂ કરી હતી. આઠ જેટલી ટીમના ખેલાડીઓમાં ખૂબ જોશ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. ૮ ટીમોમાંથી એમ.વાય. હાઈસ્કુલ-એ અને એમ.વાય. હાઈસ્કુલ-ડી ટીમ ફાઈનલ માં પહોંચી હતી અને ભારે રસાકસી બાદ એમ.વાય. એ ટીમ વિજેતા થઈ હતી અને ડી રનરસપ તરીકે આવી હતી. વિજેતા ટીમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યારે તમામ ખેલાડીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ઉપસ્થિત આયોજક વસંતભાઈ દ્વારા ખેલાડીઓના ઉત્સાહને જોઈ આવનાર સમયમાં મોટી ટુર્નામિન્ટનું આયોજન દાહોદમાં કરવા માટે સહમતિ બતાવી હતી.

## ગાંધીનગર સહિત રાજય વ્યાપી કરોડો રૂપિયાના કૌભાંડના આરોપીને મુંબઈ એરપોર્ટથી ઝડપી લેવાયો

ગાંધીનગર,
ગાંધીનગરના સેકટર ૨ ખાતે રહેતા નીતિરાજ પરમાર વર્ષ ૨૦૧૯માં મહેસાણામાં યોજાયેલા વેલ્થ મેનેજમેન્ટના સેમિનારમાં ગયા હતા. જ્યાં કંપનીના પ્રદીપભાઈ સલુભાઈ ચૌધરી (વિસનગર), ઈશ્વરભાઈ મહેન્દ્રભાઈ ચૌધરી, દીક્ષિતભાઈ કાંતિલાલ મિસ્ત્રી તેમજ ચાંદખેડાના ઉમેશભાઈ કાંતિલાલ મિસ્ત્રીને મળ્યા હતા. જ્યાં તેઓને ઊંચુ વળતર અને વ્યાજ આપવાની લોભામણી સ્કીમો સમજાવી હતી. ત્યારે તગડું કમિશન અને ફોરેન ટૂરની લાલચમાં બધા આવી ગયા હતા. જેનાં પગલે નીતિ રાજ પરમારે કુડાસણમાં ઊગતી હાઈટસની બ્રાંચ ઓફિસ ખોલીને વિવિધ સ્કીમો હેઠળ ૨૫થી વધુ ગ્રાહકોના રૂપિયા ૩.૫૪ કરોડનું રોકાણ કંપનીમાં કર્યું હતું. પરંતુ વાયદા મુજબ ચારેય જણાએ વળતર નહીં આપી ઠગાઈ કરતા નીતિરાજ પરમારે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી હતી. ત્યારે ઉક્ત ચિટર ગેંગે અમદાવાદ, મહેસાણા અને ઈડર સહિત રાજય વ્યાપી કૌભાંડ આચર્યું હોવાનું ઈન્ફોસિટી પીઆઈ પી પી વાઘેલાની તપાસમાં ખુલ્યું હતું. જે બાદ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી. જે પૈકી દીક્ષિત કાંતિલાલ મિસ્ત્રીને કોર્ટે શરતી જામીન પર મુક્ત કરી તપાસ અધિકારીને પાસપોર્ટ જમા કરાવવાનો હુકમ પણ કરાયો હતો. પણ તેણે પાસપોર્ટ જમા કરાવ્યો નથી. જેનાં પગલે ઈન્ફોસિટી પીઆઈ પી પી વાઘેલાએ લુક આઉટ નોટિસ જાહેર કરવા જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાને રિપોર્ટ કર્યો હતો. જે અન્વયે દીક્ષિત મિસ્ત્રી મુંબઈ એરપોર્ટથી દુબઈ ભાગી જવાના પ્લાન સાથે પ્લેનમાં બેસી જવાની ફીરાકમાં હતો. પરંતુ લુક આઉટ નોટિસનાં પગલે મુંબઈ એરપોર્ટ પર રીજિયોનલ અધિકારીઓએ તેને પકડી દીધો હતો. જેને ઈન્ફોસિટી પોલીસ મુંબઈથી ગાંધીનગર લઈ આવી છે.એફએક્સ બુલ્સના નેજા હેઠળ ગાંધીનગર, મહેસાણા, ઈડર સહિત રાજય વ્યાપી પોન્ઝી સ્કીમ ચલાવી કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવનારા કંપનીના ડાયરેક્ટર સહિત ચાર ભાગીદારો વિરુદ્ધ ગાંધીનગરના ઈન્ફોસિટી પોલીસ મથકમાં રૂપિયા ૩.૫૪ કરોડની છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો. ત્યારે આ ગુનાનો એક આરોપી કોર્ટનાં હુકમની અવગણના કરી દુબઈ ભાગી જવાની તૈયારીઓમાં જ હતો. જેને ઈન્ફોસિટી પોલીસ દ્વારા લુક આઉટ નોટિસના આધારે મુંબઈ એરપોર્ટથી ઝડપી લઈ ગઈકાલે શનિવારે ગાંધીનગર લઈ આવવામાં આવ્યો છે.



અમદાવાદના પીરાણા ડમ્પિંગ સાઈટ પર મોટાપાયે અમદાવાદનો કચરો નાંખ્યા છે વર્ષોથી આ ડમ્પિંગ સાઈડને કારણે લોકો પિરાણા વિસ્તારને ઓળખે છે પરંતુ હવે આ અમદાવાદના પીરાણા ડમ્પિંગ સાઈટને લોકો નવા નજરીયાથી ઓળખશે. અમદાવાદ મ્યુનિપલ કોર્પોરેશન દ્વારા પીરાણા ડમ્પિંગ સાઈટ પર શહેરને શુદ્ધ ઓક્સિજન - હવા મળે તેવું આયોજન કરવામાં આવ્યું છે પીરાણા ડમ્પિંગ સાઈટમાં ઓક્સિજન પાર્ક બનાવવામાં આવી રહ્યો છે.

## ફતેપુરાના ઘૂઘસ ગામે પતિ અને બાળકો સાથે સુતેલ મહિલાની આબરૂ લેવાનો પ્રયાસ કરતાં ફરિયાદ

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના ઘૂઘસ ગામે વાસનાના ભૂખ્યા નરાધમે પતિ તેમજ બાળકો સાથે મીઠી નીંદર માણી રહેલી પરણિતા જોડે બળજબરી કરી ઈજ્જત લેવાનો પ્રયાસ કર્યાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ફતેપુરા તાલુકાના ઘૂઘસ ગામની ૨૫ વર્ષીય પરણિત મહિલા તેના પતિ તેમજ બાળકો સાથે મીઠી નીંદર માણી રહી હતી. તે અરસામાં તેમના જ ગામના મણિલાલ મોહનલાલ પારઘી નામક યુવકના મનમાં વાસનાનો કિડો સળવળતા આ નરાધમે તેના પતિ તેમજ બાળકોની હાજરીમાં હાથ પકડી બળજબરીથી જાત લેવાનો પ્રયાસ કરતા પરિણીતાએ બૂમાબૂમ કરતા તારો પતિ તેમજ બાળકોના પિતા મણિલાલ પારગી ત્યાંથી ભાગી ગયો હતો. ત્યારબાદ ઉપરોક્ત બનાવ સંદર્ભે પરણિતાઈ મણિલાલ મોહનલાલ પારગી વિરૂદ્ધ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ફતેપુરા પોલીસે ઉપરોકત યુવક વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની

## દે.બારીયાના કાપડી વિસ્તારમાં બાઈક સ્લીપ ખાતા પાછળ બેઠેલ વ્યકિતને ગંભીર ઈજા થતાં મોત

દાહોદ,
દેવગઢ બારીયાના કાપડી વિસ્તારમાં બાઈકચાલક પોતાનું વાહન પૂર ઝડપ તેમજ બેફિકરાઈથી હંકારી લાવતા બાઈક સ્લીપ ખાઈ જતા બાઇકની પાછળ બેઠેલા ૪૧ વર્ષથી એક આધેડનું કરૂણ મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યુ છે.

વધુ મળતી માહિતી પ્રમાણે લીમખેડા તાલુકાના ખીરખાઈ રેલ ફળિયાના રહેવાસી ઉમેશભાઈ રામસિંગભાઈ રાવત પોતાના કબ્જા હેઠળની હીરો કંપનીની જીજે.૨૦. એ.આર. ૧૪૭૭ મોટરસાયકલ પર તેમના ગામના ૪૫ વર્ષીય ગલાપભાઈ સળુભાઇ રાવતને બેસાડી દેવગઢબારિયા નગરના કાપડી વિસ્તારમાંથી પોતાનું વાહન પુરઝડપે તેમજ બેફિકરાઈ રીતે હંકારી લાવતા મોટરસાયકલ સ્લીપ ખાઇ જતા મોટરસાયકલની પાછળ બેઠેલા ગલાપભાઇ સળુભાઇ રાવતના માથાના તેમજ શરીરના જે જીવલેણ ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.

ઉપરોકત બનાવ સંદર્ભે મરણજનાર આલપભાઈ રાવતના પુત્ર જગદીશભાઈ રાવતે દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા દેવગઢબારિયા પોલીસે બાઈક ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## દહેગામથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર,
દહેગામ નગરપાલિકાની ટીમ દ્વારા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા નક્કી કરાયેલ ૫૦ માઈક્રોનથી ઓછી ગુણવત્તાવાળા પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થાને ઝડપી લેવા શનિવારે શહેરના વારાહી માતાના મંદિર રોડ તેમજ શાકમાર્કેટમાં તપાસ હાથ ધરવામાં આવી હતી જે દરમિયાન પાંચ વેપારીઓને ત્યાંથી ૧૩૮ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવ્યો હતો. દહેગામ નગરપાલિકાના ચીફ ઓફિસર આર.જે. હુદડ, ઓએસ નરેશભાઈ બ્રહ્મભટ્ટ, ઈન્ચાર્જ સેનેટરી ઈન્સ્પેકટર દિપકભાઈ પટેલ, જીગ્નેશભાઈ અમીન,રોહિતભાઈ પટેલ તેમજ સ્ટાફ દ્વારા શહેરના વારાહી માતાના મંદિર રોડ અને શાક માર્કેટમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગેનું ચેકિંગ હાથ ધરાયું હતું તે દરમિયાન પાંચ વેપારીઓને ત્યાંથી ૧૩૮ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવતા નગર પાલિકાની ટીમે તે જથ્થાને કબજે કરી રિસાયક્લિંગ માટે મોકલી આપવામાં આવનાર હોવાનું પાલિકાના સુત્રોએ જણાવ્યું હતું.

## હવેથી અમદાવાદ માં ચાર રસ્તા પર રિક્ષા ઉભી નહીં રહે કે પેસેન્જર નહીં ઉતારી શકે



અમદાવાદ,
અમદાવાદ ટ્રાફિક પોલીસના જાહેરનામું બહાર પાડ્યું છે તે મુજબ ચાર રસ્તે પેસેન્જર બેસાડનાર કે ઉતારનારાની રિક્ષા જપ્ત કરાશે. અમદાવાદ શહેરમાં ફરતી ૨.૨૫ લાખ રિક્ષામાંથી ૪૦ ટકા રિક્ષા શટલમાં ફરતી હોવાનું ઓટોરિક્ષા વેલ્ફેર એસોસિએશનના પ્રમુખે જણાવ્યું હતુ. શટલ રિક્ષાચાલકો ગમે તે જગ્યાએથી પેસેન્જરને બેસાડે છે અને તે કહે ત્યાં ઉતારી દે છે. જેથી ટ્રાફિકની સમસ્યા માટે શટલ રિક્ષાચાલકો જવાબદાર છે. અમદાવાદના રિક્ષાચાલકો પેસેન્જરને બેસાડવા-ઉતારવા માટે ચાર રસ્તા પર ગમે ત્યાં રિક્ષા ઉભી કરી દે છે. જથી ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જો કે રિક્ષાચાલકોનું આ દૂષણ દૂર કરવા માટે ટ્રાફિક પોલીસે ચાર રસ્તા પર ૫૦ મીટરની અંદર રિક્ષા ઉભી રાખવા કે પાર્ક કરવા પર પ્રતિબંધ લાદ્યો છે. તેમ છતાં જો કોઇ રિક્ષાચાલક ચાર રસ્તાના ૫૦ મીટરમાં રિક્ષા ઉભી રાખશે, તો તેની રિક્ષા ડિટેઈન કરવામાં આવશે. ટ્રાફિક શાખાના સંયુકત પોલીસ કમિશનર મયંકસિંહ ચાવડાની અધ્યક્ષતામાં પોલીસ કમિશનર કચેરી ખાતે રિક્ષાચાલકના ૬ યુનિયનના આગેવાનો સાથે મીટિંગ યોજાઈ હતી. જેમાં રસ્તા પર ફરતી ૨.૨૫ લાખ રિક્ષામાંથી મોટા ભાગના રિક્ષાચાલકો પેસેન્જરોને બેસાડવા-ઉતારવા માટે રિક્ષા ચાર રસ્તા પર જ ઉભી રાખી દેતા હોવાનો મુદ્દો ચર્ચાયો હતો. રિક્ષાચાલકોની આ હરકતના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જેથી ચાર રસ્તા પર ૫૦ મીટરની ત્રિજ્યામાં કોઇપણ રિક્ષાચાલકને રિક્ષા ઉભી રાખવા કે પાર્ક કરવા પર પ્રતિબંધ લાદ્યો છે. તેમ છતાં રિક્ષાચાલક ચાર રસ્તા પર ૫૦ મીટરની ત્રિજ્યામાં રિક્ષા ઉભી રાખશે તો ટ્રાફિક પોલીસ તે રિક્ષા ડિટેઈન કરશે. રિક્ષાચાલકોના તમામ યુનિયનના આગેવાનો ટ્રાફિક પોલીસના આ નિર્ણય સાથે સહમત થયા હતા. ૨.૨૫ લાખ રિક્ષાની વચ્ચે ૪૦ હજાર રિક્ષા પાર્ક થઈ શકે તેવા પાર્કિંગની વ્યવસ્થા ટ્રાફિક પોલીસ દ્વારા કરાઈ હોવાનો દાવો ટ્રાફિક પોલીસે કર્યો હતો. જો કે તેની સામે રિક્ષાચાલક યુનિયનના આગેવાનોનું કહેવું છે કે પાર્કિંગ બહુ જ ઓછા છે, જેના કારણે રિક્ષાચાલકોને રોડ પર રિક્ષા પાર્ક કરવી પડે છે. યોગ્ય જગ્યાએ પાર્કિંગ ફાળવવામાં આવે તો રિક્ષાચાલકો રોડ પર રિક્ષા પાર્ક કરશે નહીં.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.12

# ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી સામે વિસ્થાપીતોના ગંભીર આક્ષેપ

# ધારાસભ્ય સી.કે.રાઉલજી તથા પુત્ર સહિત વગદારોએ વિસ્થાપીતોની જમીન પચાવી પાડવાનો આક્ષેપ

## ડુબાણમાં ગયેલી જમીનના બદલામાં આપેલી જમીનના વેચાણ દસ્તાવેજ ભરરાત્રે ઘરે બેઠા થયા ??







ગોધરા,

દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના પતંગડી ગામના ગ્રામજનોની અદલવાડા સિંચાઈ યોજના અને હડફ, કબુતરી યોજના અસરગ્રસ્તો હોય આ તમામ અસરગ્રસ્તોને ડુબાણમાં ગયેલ જમીનના બદલામાં ગોધરા તાલુકા છબનપુરમાં જંગલ ફોરેસ્ટની જમીન ફાળવવામાં આવી હતી. આ અસરગ્રસ્તો એ જમીનના માલિક બનાવા માટે ૪૦ વર્ષ સુધી લડત આપીને સનદો મેળવી એક હકક માલિક બન્યા હતા. છબનપુર ગામ વડોદરા-શામળાજીના મુખ્ય હાઈવે માર્ગ ઉપર આવેલ છે અને વિસ્થાપીતોને મળેલ આ જમીન હાઈવે રોડ ટચ આવેલ હોવાથી તેની બજાર કિંમત કરોડોમાં છે. જેથી આ કરોડો રૂપીયાની જમીન ગોધરા ધારાસભ્યના પુત્ર એ તેમના મળતીયાઓ સાથે મળીને છેતરપિંડી કરીને દસ્તાવેજો કરી જમીન પડાવી લીધી હોવાના આક્ષેપ સાથે પાંચ અસરગ્રસ્તો દ્વારા જીલ્લા કલેકટર સહિત મુખ્યમંત્રીને લેખિત અરજી કરીને ન્યાયની માંગ કરવામાં આવી છે. ધારાસભ્ય અને તેમના પુત્ર દ્વારા અસરગ્રસ્તોની જમીન પડાવી લેવાના આક્ષેપ સાથેની રજુઆતને લઈ રાજકીયક્ષેત્ર હડકંપ મચી જવા પામ્યો છે.

દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના પતંગડી ગામના ગ્રામજનો અદલવાડા સિંચાઈ યોજના, હડફ, કબુતરી યોજનામાં ડુબાણમાં જમીનો ગયેલ હોય આ તમામ અસરગ્રસ્તો કનુભાઈ અમરાભાઈ ચૌહાણ, ગિરવતસિંહ ચૌહાણ, ચંપાબેન મંગળસિંહ પગી, સોમાભાઈ અમરાભાઈ ચૌહાણ, રેશમબેન લાખાભાઈ પગીને ગોધરા તાલુકાના છબનપુર ગામે જંગલ ફોરેસ્ટ ખાતાની જમીન ફાળવવામાં આવી હતી. આ તમામ અસરગ્રસ્તોને મૂળ માલિક બનાવા માટે ૪૦ વર્ષ સંઘર્ષ કરીને સનદો મેળવીને કબ્જેદાર એક હકકે માલિક બન્યા હતા. છબનપુર ગામે હાઈવે રોડ નજીકની નવી શરતની કરોડો રૂપીયાની લગડી જમીનો હાલમાં થાય છે. આ તમામ પાંચ અસરગ્રસ્તોની જમીન ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી તેમના પુત્ર માલવદીપસિંહ ચંદ્રસિંહ રાઉલજી અને તેમના મળતીયાઓ દ્વારા છેતરપિંડી કરી દસ્તાવેજો બનાવી જમીન લઈ લીધી હોવાના આક્ષેપ સાથે જીલ્લા કલેકટર, મુખ્યમંત્રીને લેખિતમાં રજુઆતો કરવામાં આવી છે. અસરગ્રસ્તો દ્વારા ધારાસભ્ય અને તેમના પુત્ર વિરૂદ્ધ કરેલ આક્ષેપ કરવામાં આવ્યો છે કે, છબનપુર ગામે અસરગ્રસ્તોની જમીન નવી શરતની હોવા છતાં રેવન્યુ નંબર માંથી શરત નંબર તથા ગુજરાત સરકારના મહેસુલ ઠરાવોનો ભંગ કરી અસરગ્રસ્તોની જાણ બહાર ખોટી રીતે રેવન્યુ દફતરે નામ કરી દીધી છે. રેવન્યુ અધિકારી, સર્કલ ઓફિસર, મહેસુલ ગોધરા, મામલતદાર ગોધરા, ધારાસભ્ય સહિતના મળતીયાઓના ઈશારે મહેસુલ વિભાગની શરતો વાંચ્યા વગર, સરકારના મહેસુલ વિભાગના ઠરાવોની અનદેખી કરીને અમારી જમીનની વેચાણ નોંધ ખોટી રીતે પ્રમાણિત કરેલ છે. જેની તપાસ કરી જમીનને ખાલસા કરીને મૂળ અસરગ્રસ્તો જમીન માલિકોના નામ દાખલ કરવામાં આવે તેમજ મહેસુલ શરતોનો ભંગ કરીને જમીન પડાવી લેવાના સમગ્ર ઘટનામાં તેઓને સહકાર આપનાર અધિકારીઓની તપાસ કરાવીને ફોજદારી ફરિયાદ નોંધાવામાં આવે તેવી રજુઆત કરાઈ છે. અસરગ્રસ્તોની જમીન પડાવી લેવાના આક્ષેપ સાથેના વિડીયો વાયરલ થતાં રાજકીયક્ષેત્રે પણ હડકંપ મચી જવા પામ્યો છે.

વિસ્થાપીતો એ રજુઆતોમાં જણાવ્યું છે કે, ગોધરા તાલુકાના છબનપુર ખાતે જમીનની સનદો અપાવવાની છે તેમ કહી સબરજીસ્ટાર કચેરી ખાતે તમોને જે પુછવામાં આવે તેનો જવાબ 'હા' માં જ આપવાનો જણાવી ધારાસભ્ય તેમના પુત્ર સહિત તેઓના મળતીયાઓએ છેતરપિંડી થી જમીન પચાવી પાડવા હેતુ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવ્યો હોવાનું લેખિત રજુઆતમાં ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત જમીન વેચાણ માટે કોઈ સરકારી કચેરીમાં ગયા વગર ઘર બેઠા જ અભણ વિસ્થાપીતોની જમીન વેચાણ દસ્તાવેજ થયા હોવાનું બહાર આવ્યું છે. વિસ્થાપીતોના ઘરે આવી જે પુછે તેનો જવાબ 'હા'માં આપવો તેવું કહેતો વિડીયો અને રાત્રીના સમયે વિસ્થાપીતોના ઘરે જઈ મોબાઈલની બેટરીના અજવાળે અસરગ્રસ્તોની સહીઓ લેવાનો વિડીયો પણ વિસ્થાપીતો દ્વારા મીડીયા સમક્ષ રજુ કરવામાં આવ્યો છે. સમગ્ર બાબતે વિસ્થાપીતો દ્વારા કરેલ રજુઆતને લઈ રજુઆત કર્તાઓને તેમજ તેમના કુટુંબજનોને હેરાન કરી ધાકધમકી આપવામાં આવતી હોવાનો પણ વિસ્થાપીત અસરગ્રસ્તો તેમજ તેમના પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે. ગોધરાના ધારાસભ્ય અને તેમના પુત્ર સહિત અન્ય વગદારો સામે જમીન પચાવી પાડી હોવા ઉપરાંત છેતરપિંડીના આક્ષેપ થતાં સમગ્ર જીલ્લામાં તેમજ રાજ્યના રાજકારણમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

### રાત્રીના સમયે વિસ્થાપીતોની સહીઓ કરતો વિડીયો વાયરલ

ગોધરા તાલુકાના છબનપુર ગામે રાત્રીના સમયે મોબાઈલના બેટરીના અજવાળામાં વિસ્થાપીત અસરગ્રસ્તોના જમીનના દસ્તાવેજો ઉપર સહીઓ કરાવતો વિડીયો વાયરલ થઈ જતાં પંચમહાલ જીલ્લામાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. તેમજ રાજકારણ ગરમાયું છે. અત્યાર સુધી વિસ્થાપીતોની અસરગ્રસ્તોની જમીન પચાવી પાડવાના આક્ષેપો અસરગ્રસ્તો દ્વારા ધારાસભ્ય સી.કે.રાઉલજી અને તેમના પુત્ર સામે કરવામાં આવી રહ્યા છે. તેમાં રાત્રીના સમયે સહીઓ લેવાનો વિડીયો વાયરલ થઈ જતાં અસરગ્રસ્તો દ્વારા કરવામાં આવેલ આક્ષેપોને આ વિડીયો પુરવાર સાબિત થતો હોવાની લોકોમાં ચર્ચાઓ ચાલી રહી છે.

છબનપુર ગામના અસરગ્રસ્તોની ધારાસભ્ય અને તેના પુત્ર દ્વારા જમીન દસ્તાવેજો કરી લેવાના કિસ્સો ગરમાયોછે. તેની વચ્ચે અસરગ્રસ્તો આક્ષેપ કરી રહ્યા છે. તે મુજબના પૈસા મળી ગયા છે. તમારે અધિકારી સમક્ષ હા કહેવાનું તેવા વિડીયો પણ વાયરલ થયા છે.

- ૪૦ વર્ષ સુધીના સંઘર્ષ બાદ પતંગડીના અસરગ્રસ્તો જમીનથી રહ્યા વંચિત.
- અસરગ્રસ્તોને ફાળવેલ જંગલ ખાતાની સનદો મળતાં જ થયા દસ્તાવેજો.
- અસરગ્રસ્તો એ કલેકટર સહિત મુખ્યમંત્રીને કરેલ રજુઆતને લઈ તંત્ર તેમજ સરકાર દ્વારા નિષ્પક્ષ તપાસ થશે ખરી ?

# ગોધરાના ભલાણીયા ગામની ગટર યોજનામાં ભ્રષ્ટાચાર થતાં માહિતી આયોગમાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના ભલાણીયા ગ્રામ પંચાયતમાં ૭.૫ લાખની ગટર યોજનામાં બાંધકામ શાખા દ્વારા મોટા પાયે ભ્રષ્ટાચાર કરાયો હોવાની ફરિયાદ ગ્રામ પંચાયતના સભ્ય દ્વારા કરાઈ હતી. જેની તપાસ તાલુકા વિકાસ અધિકારી દ્વારા નહિ કરતાં આ બાબતે માહિતી કાયદા અંતર્ગત માહિતી માંગવામાં આવી હતી. તે માહિતી પુરી ન પાડતા પ્રથમ અપીલ અધિકારીને ટી.ડી.ઓ.ને કરેલ હતી. અપીલ અધિકારી દ્વારા વિના મૂલ્યે માહિતી આપવાનો આદેશ છતાં માહિતી પુરી પાડવા ન આવતાં અરજદાર માહિતી આયોગમાં ફરિયાદ કરતાં માહિતી આયોગ દ્વારા નારાજગી વ્યકત કરી ટી.ડી.ઓ. ગોધરા, નિવૃતિ ટી.ડી.ઓ. અને ડી.ડી.ઓ.ને કસુરવાર ઠેરવ્યા છે અને આ પ્રકરણમાં આગામી સુનાવણીમાં દંડ અને સજાની સુનાવણી કરાશે.

ગોધરા તાલુકાના ભલાણીયા ગ્રામ પંચાયતમાં ૭.૫ લાખની ગટર યોજનામાં બાંધકામ શાખા દ્વારા મોટાપાયે ભ્રષ્ટાચાર કરાયો હોવાની ફરિયાદ ગ્રામ પંચાયતના સભ્ય ગોપાલભાઈ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને કરવામાં આવી હતી. જેની તપાસ ગોધરા ટી.ડી.ઓ. કરવામાં આવી ન હતી. જેને લઈ પંચાયત સભ્ય ગોપાલભાઈ દ્વારા માહિતી અધિકાર અંતર્ગત ગ્રામ પંચાયતમાં ડી.એમ.એફ. અનુદાનિત ૭.૫ લાખની ગટર યોજના કામ કરનાર કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવેલ સોગંદનામાની નકલ માંગવામાં આવી હતી. તાલુકા વિકાસ અધિકારી દ્વારા સમય મર્યાદામાં માહિતી નહિ આપતાં ૫ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ પ્રથમ અપીલ અધિકારી જીલ્લા વિકાસ અધિકારીને અપીલ કરી હતી. અપીલ અધિકારી દ્વારા વિના મુલ્યે પાંચ દિવસમાં માહિતી પુરી પાડવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેમ છતાં માહિતી પુરી પાડવામાં આવી ન હતી. તેનાથી નારાજ થઈ ૧૯ માર્ચ ૨૦૨૧ના રોજ માહિતી આયોગમાં ફરિયાદ કરેલ હતી. જેના આધારે રાજ્ય માહિતી આયોગે ગોધરા બાંધકામ શાખા ટી.ડી.ઓ. તથા પંચમહાલ ટી.ડી.ઓ. વિકાસ શાખાને નોટીસ દ્વારા બાંધકામ શાખાના અધિકારીઓની માહિતી માંગશે પરંતુ માહિતી નહિ આપતાં રાજ્ય માહિતી આયોગે નારાજગી વ્યકત કરી છે અને ગોધરા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી, નિવૃત ટી.ડી.ઓ. તેમજ ટી.ડી.ઓ. વિકાસ શાખા અને ત્રણેય કસુરવાર ઠેરવ્યા છે અને આગામી સુનાવણીમાં દંડ અને સજાની સુનાવણી હાથ ધરાશે.

# શહેરા તાલુકાના વલ્લભપુર ગામે પશુઓમાં શંકાસ્પદ રોગ દેખાતા પશુપાલકો ચિંતીત



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના વાડી, વલ્લભપુર ગામના અમુક પશુઓના પીઠ પર ફોલ્લા જેવા નાના ગુમડાઓ થઈ જતા પશુપાલકો ભારે ચિંતિત થઈ ઉઠયા છે. શંકાસ્પદ રોગથી એક ગાયનું મોત થતા પશુ ડોક્ટર ગામની મુલાકાત લઈને પશુઓની સારવાર શરૂ કરે તેવી પશુપાલકો માથી માંગ ઉઠી છે.

શહેરા તાલુકાના વાડી અને વલ્લભપુર ગામ ખેતી અને પશુપાલન પર નભતું ગામ છે. આ બે ગામમા ૧૦૦૦ થી ૧૫૦૦જેટલા પશુઓ હોવા સાથે અહીંના પશુપાલકો ડેરીમાં દૂધ ભરતા હોય છે. પશુપાલકોના અમુક પશુઓમાં શંકાસ્પદ રોગ જોવા મળતા પશુપાલકો ભારે ચિંતિત થઈ ઉઠયા છે. પશુઓની પીઠ પર ફોલ્લા જેવા નાના ગુમડાઓ થઈ જતા હોય છે. શરૂઆતમાં પશુને એક બે નાના ગુમડા થયા બાદ આખા શરીરમાં થતા હોય છે. હાલ તો વાડી અને વલ્લભપુર ગામમાં પશુઓને આવો રોગ થતા પશુપાલકો ભારે ચિંતિત થઈ ઉઠવા સાથે પશુ દવાખાના પશુ ડોક્ટર દ્વારા ગામની મુલાકાત લઈને પશુઓની સારવાર તાત્કાલિક કરે તેવી માંગ ઉઠી છે. જ્યારે શંકાસ્પદ રોગથી નવી વાડી ગામ ખાતે રહેતા પશુપાલક કાળાભાઈ માછીની ગાયનુ મોત થતા અન્ય પશુપાલકો પોતાના પશુઓની ચિંતામાં ભારે ગરકાવ થઈ ગયા છે. આ ગામ સહિત અન્ય ગામોમાં આ રોગથી વધુ પશુઓના મોત થાય તે પહેલા પશુ ડોક્ટર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને પશુઓની વિઝીટ લેવામાં આવે તે અત્યંત જરૂરી છે. અહીના પશુપાલકો પોતાના પશુઓનું દૂધ ડેરી મા ભરતા હોય ત્યારે દૂધ ઉત્પાદકોના હિત માટે પંચામૃત ડેરીના પશુ ડોક્ટર ની ટીમ આ ગામોની મુલાકાત લઈને આ રોગ પશુઓમાં વધુ વકરે નહીં તે માટે પશુઓની સારવાર શરૂ કરે તેમ ૫૦૦થી વધુ પશુપાલકો ઈચ્છી રહયા છે. આ ગામના સામત સિંહ સોલંકી સહિતના પશુપાલકો જણાવી રહ્યા છે કે, આ નવો રોગ ભેંસ કરતા ગાયમા વધુ જોવા મળી રહ્યો છે. આવી પરિસ્થિતિ હોવા છતાં પશુ ડોકટર દ્વારા અહીંની મુલાકાત લેવામાં પણ આવી નથી. વાડી સહિતના અન્ય ગામોમાં પણ હાલ પશુઓમાં આવો રોગ જોવા મળી રહયો હોય ત્યારે પશુ ડોક્ટર દ્વારા અલગ અલગ ટીમો બનાવીને ગામોની મુલાકાત લેવામાં આવે જેથી પશુઓમાં આ રોગચાળો ફેલાતો અટકી શકેતો નવાઈ નહિ.

# પંચમહાલ જીલ્લા કોંગ્રેસ દ્વારા જીલ્લા પંચાયતના આરોગ્ય વિભાગને રોગોની જાગૃતિ માટે આવેદન આપ્યું



ગોધરા,

પંચમહાલ જિલ્લામાં દિન પ્રતિદિન વધી રહેલ ડેન્ગ્યુ ન્યુમોનિયા મેલેરિયા ચિકનગુનિયા વાયરસ અને પ્રાણીજન્ય રોગોને કારણે જિલ્લાના દવાખાનાઓમાં દર્દીઓનું પ્રમાણ મોટી સંખ્યામાં વધી રહેલ છે. જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં ડેન્ગ્યૂની કારણે મૃત્યુ થયાની વિગતો પણ આવેલ છે. જિલ્લાનું આરોગ્ય વિભાગ નિષ્ક્રિય નિષ્ફળ અને ઘોર નિદ્રામાં જણાય છે. ચોમાસામાં દર વર્ષે આવા રોગોમાં કિસ્સા મોટા પ્રમાણમાં સામે આવ્યા છે. તેમ છતાંય તંત્રના પૂર્વ આયોજન સજાગતા અભાવે જિલ્લાના ઉંડાણના ગ્રામ્ય વિસ્તારો શહેરોના કસ્બા વિસ્તારોમાં રોગચાળોનું પ્રમાણ વધેલ છે. હાલની કોરોના નાની ગંભીર સ્થિતિમાં પ્રજાની હાલત કફોડી છે. ત્યારે આ રોગચાળોને કારણે ગરીબ-મધ્યમવર્ગને ખૂબ જ સહન કરવાનું આવે છે અને પરિવારમાં કોઈ મૃત્યુ થતા સમગ્ર પરિવારની પરિસ્થિતિ નાજુક બનતી હોય છે. આવા રોગોમાં આરોગ્ય વિભાગ તેમની કામગીરીની જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવે જિલ્લામાં ડેન્ગ્યુ નિમોનિયા મેલેરિયા ચિકુનગુનિયા વાયરસ અને પાણી જન્ય રોગને અટકાવવા પૂરતું ધ્યાન આપી મહત્વના પગલાં ભરવાની કાર્યવાહી કરેતે માટે રાજ્યના આરોગ્ય સચિવને સંબોધતું અને વિવિધ રજૂઆત કરતું આવેદનપત્ર પંચમહાલ કોંગ્રેસના પ્રમુખ અજીતસિંહ ભાટીના નેતૃત્વમાં પંચમહાલ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના અધિકારીને આપી રોગ નિયંત્રણમાં લેવા ફુગિંગ સાફ-સફાઈ ઘેર ઘેર આરોગ્યલક્ષી તપાસ ઉપયોગી પાવડર લિકવિડનું છંટકાવ ઉપરાંત જે દર્દીઓ રોગનો ભોગ બનેલ છે. તેઓને નિઃશુલ્ક ઉપયોગી સારવાર જેવી બાબતે લેખિતમાં માંગ કરવામાં આવેલ જેમાં જિલ્લા કોંગ્રેસના આગેવાન પ્રદેશ મંત્રી રફીકભાઈ તિજોરી વાલા, જિલ્લા એસ.એસ.સી વિભાગના ચેરમેન વકીલ રાજેશ હડીયલ, પ્રદેશ ઓબીસી મંત્રી ગણપત પટેલ, જીલ્લા મહામંત્રી ઉમેશ શાહ, જિલ્લા સોશિયલ મીડિયાના પ્રમુખ સન્નીભાઈ શાહ, યુથ કોંગ્રેસના જિલ્લાના યુથ કોંગ્રેસના પ્રમુખ મેકિ જોસેફ, નગરપાલિકા ગોધરાના સભ્યો વલીવાકા, સિદ્દીક ચલાલીવાળા વગેરે કોરોનાની ગાઈડ લાઈન્સ પ્રમાણે જોડાઈ પરંતુ આરોગ્ય સેવાનો વ્યાય વધારવા માંગ કરી હતી.

# ઘોઘંબા તાલુકાનાં રાયણના મુવાડા ગામે કન્યા સાક્ષરતા નિવાસી શાળા ખાતે રાજ્યના કક્ષાના મંત્રી જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના શિક્ષક દિનની ઉજવણી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ગોધરા,

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિડોકટર સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ ૫ સપ્ટેમ્બર ના રોજ શિક્ષક દિવસ (Teachers Day) તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષક એ ભાવિ પેઢીનો શિલ્પકાર છે. તેમના વડે જ આપણને જ્ઞાન અને વિશ્વ પ્રત્યેનો સકારાત્મક દૃષ્ટિકોણ મળે છે. આપણા શિક્ષકો અને ગુરૂ પ્રત્યે કૃતઘ્નતા વ્યકત કરવા માટેનો આ દિવસ છે.સમગ્ર દેશ સહિત રાજયમાં આજરોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં આવેલા ઘોઘંબા તાલુકાના રાયણના મુવાડા ગામે પાવાગઢ-ઘોઘંબા રોડ પર આવેલી કન્યા સાક્ષરતા નિવાસી શાળા ખાતે આજરોજ જિલ્લાના કક્ષાના શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી, રાજ્ય કક્ષાના કૃષિ, પંચાયત અને પર્યાવરણ મંત્રી જયદ્રથસિંહ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનો શિક્ષક દિવસ ઉજવવામાં આવ્યો હતો, આ પ્રસંગે પંચમહાલ જિલ્લામાં વર્ષ દરમ્યાન શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને જિલ્લાના તથા તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પારિતોષિક એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં વર્ષ ૨૦૨૧ માટે જિલ્લાના ૦૪ શિક્ષકો અને તાલુકા કક્ષાએ ૦૮ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા કક્ષાએ પ્રાથમિક શાળાના શિક્ષકોમાંથી ૦૨ શિક્ષક સીઆરસી/બીઆરસી/કેળવણી નિરીક્ષક/HTAT આચાર્ય કેટેગરીમાં ૦૧ શિક્ષક અને માદયમિક શાળાના શિક્ષકોમાંથી ૦૧ શિક્ષકની પસંદગી કરવામાં આવી હતી તથા તાલુકા કક્ષાએ પ્રાથમિક શાળાના ૦૮ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. શ્રેષ્ઠ પારિતોષિક એનાયત માટે પસંદગી પામેલા શિક્ષકોનું સાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. સાથે જ જિલ્લાના વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટેના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજયકક્ષાના મંત્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે, પ્રાચીનકાળથી આપણી ભારતીય સંસ્કૃતિમાં ગુરૂની ગરિમા સર્વશ્રેષ્ઠ રહી છે. ભગવાન કરતા પણ ગુરૂનું પદ ઉચ્ચ માનવામાં આવ્યું છે. એવા કુરે શિક્ષકના આ દિવસની ઉજવણીની પવિત્ર પરંપરાને આપણે જાળવી રાખી છે.

શિસ્ત...વામા....કરણા... નો ત્રિવેણી સંગમ એટલે શિક્ષક :

દાનવમાંથી માનવ, માનવમાંથી મહામાનવ બનાવવાનું ભગીરથ કાર્ય કરે છે. એટલે જ ચાણકય એ કહ્યું છે કે શિક્ષક કભી સાધારણ નહી હોતા પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમે પલતે હૈ " આજ તારીખ એટલેકે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન તત્વચિંતક સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ જેને આપણે શિક્ષક દિન તરીકે ઉજવીએ છીએ એ.રાધાકૃષ્ણને 'ધ એથિકસ ઓફ વેદાંત' પર મહાનિબંધ લખી શિક્ષણ જગતને મહામૂલી ભેટ આપેલી છે, શિક્ષણમાંથી ભારતરત્ન એવોર્ડ મેળવનાર પ્રથમ શિક્ષક ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણનને આજે વંદન કરીએ ડૉ રાધાકૃષ્ણને કહ્યું હતું કે, રાષ્ટ્રના વિકાસમાં શિક્ષકોની ભુમિકા ઘણી મહત્વની છે. સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીને પગલે લોકોનું સામાજીક જીવન અસ્ત વ્યસ્ત બની ગયેલ છે. ચાલુ વર્ષે દેશે ઘણી આફતોનો સામનો કર્યો છે. દરેક આફત સમયે દેશ એક થઈને ઉભો છે. કોરોના મહામારીએ ઘણા દેશવાસીઓનો ભોગ લીધો છે. આ કોરોનાના કપરા કાળમાં શિક્ષકોએ પણ કોરોના વોરીયર્સ તરીકે ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. સરકાર અને વહીવટી તંત્ર ધ્વારા સોંપવામાં આવેલ કામગીરી સફળતાપૂર્વક બજાવી સમાજને ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું છે. જેમાં કોરોના સંક્રમણથી અમુક શકો મૃત્યુ પામેલ છે. તેને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ, સાથે જ જેમણે પોતાના જીવની પરવા કર્યા વિના પોતાની ફરજ બજાવી તેવા તમામ શિક્ષકોને શત શત પ્રણામ.

જિલ્લાના કક્ષાના શિક્ષક દિનની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત રહેલા મંત્રીનું કન્યા સાક્ષરતા નિવાસી શાળા દ્વારા સ્મૃતિચિન્હ અપેણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાપન બાદ શાળા પટાંગણમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી સહિત પંચમહાલ જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી રાઠોડ, જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. પંચાલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એમ પટેલ, હાલોલ પ્રાંત અધિકારી એ.કે.ગૌતમ, જિલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ, ફતેસિંહ ચૌહાણ, રંગેશ્વરીબેન રાઠવા સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.